|| श्री गणेशाय नमः ||

|| श्रीः ||

|| श्री महाकाली प्रसन्नास्तु ||

|| श्रीकालिकाध्यानम् ||
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ||


# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૧૯૫ તા.૧૫-૦૪-૨૦૨૬ કિંમત : રૂ.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH




- સમાજ દ્વારા આગામી ડીસેમ્બર ૨૦૨૬ - જાન્યુઆરી ૨૦૨૭ માં દર ત્રણ વર્ષે યોજાતા દશમાં યુવા-યુવતિ પરિચય મેળાનું આયોજન.
- ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૬ માં વિદ્યાર્થી સત્કાર સમારંભનું આયોજન.
- સમાજ દ્વારા પ્રદેશ કાર્યાલય, ભાજપ ગાંધીનગર ખાતે વિશ્વકર્મા યોજના બાબતે મુલાકાત.
- ગુજરાત રાજ્યની આગામી નગરપાલિકાની ચુંટણી સંદર્ભે કંસારા જ્ઞાતિના જ્ઞાતિજનોને કોર્પોરેટર પદની ઉમેદવારી તરીકે નિમણુંક. સમાજ દ્વારા તેઓને ખૂબ ખૂબ અભિનંદન અને ચૂંટણીમાં સફળતા મળે તેવી હાર્દિક શુભેચ્છા.
- વઢવાણ કંસારા જ્ઞાતિના મુઠ્ઠી ઉંચેરો માનવી ભાઈલાલભાઈ લીલાધરભાઈ દંગીના દુઃખદ નિધન માટે સમાજ દુઃખની લાગણી વ્યક્ત કરે છે અને સદ્દગતના આત્માને શ્રી ઠાકોરજી શાંતિ અર્પે અને તેમના ચરણોમાં સ્થાન આપે તે જ પ્રાર્થના.


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# અમેરીકામાં તેજસ્વી ભવિષ્ય માટે શુભેચ્છા સહઅભિનંદન



પ્રભુશ્રી ગોપાલલાલ મહારાજશ્રીની અસીમ કૃપાથી અને વડિલોના આર્શીવાદથી. અમદાવાદ નિવાસી ગો.વા. કંસારા નિર્મળાબેન હરિલાલ તથા ગો.વા. કંસારા હરિલાલ લાલજીભાઈ ના પૌત્ર અને (હાલ બંગ્લોર) નિવાસી શ્રીમતી જ્યોતીબેન તથા જયેશભાઈ ના સુપુત્ર. ચિ. રોહન કંસારાને February 2025 માં Amazon Bengaluru થી Amazon Seattle USA માં Software Development Engineer 2 તરીકે L-1 Work Visa પર લાંબા ગાળા માટે આંતરીક ટ્રાન્સફર ની તક મળી છે તે બદલ ખુબ ખુબ અભીનંદન અને **ચિ. રોહન** ને તેજસ્વી ભવિષ્ય માટે શુભેચ્છા. જેના દ્વારા તેણે સમસ્ત કંસારા સમાજનું ગૌરવ વધારેલ છે.

**ચિ. રોહનને** Mumbai ની પ્રખ્યાત કોલેજ VJTI માં થી B.Tech IT Engineering Year 2020 માં પૂર્ણ કરી Bengaluru ખાતે Deutsche Bank, Oracle, Amazon જેવી પ્રસિધ્ધ Multinational Co. માં કાર્ય કરી 6+ વર્ષનો Software Engineer નો અનુભવ પ્રાપ્ત થયો છે. આ ઉંમરે આટલી જલવંત સિધ્ધી મેળવી તે માટે તારી મહેનત, સમર્પણ અને નિશ્ચય ખરેખર ખુબજ પ્રેરણાદાયી છે. ભવિષ્યમાં તમામ પ્રયાસોમા તને ખુબ જ સફળતા મળે તેવી હાર્દિક શુભેચ્છા !!

## શુભેચ્છક

ગો.વા. કંસારા હરીલાલ લાલજીભાઈ (દાદા)

ગો.વા. ખાખી હિંમતલાલ અમૃતલાલ (નાના)

કંસારા જયેશભાઈ હરીલાલ (પિતા)

કંસારા હર્ષ જયેશભાઈ (ભાઈ) (Amazon Banguluru)

કંસારા ભરતભાઈ હરીલાલ (મોટા પપ્પા)

ગો.વા. કંસારા નિર્મળાબેન હરીલાલ (દાદી)

ગો.વા. ખાખી ઈન્દુમતી હિંમતલાલ (નાની)

કંસારા જ્યોતીબેન જયેશભાઈ (માતા)

કંસારા મહેક હર્ષ (ભાભી) (CA)

ખાખી અલ્પેશ હિંમતલાલ (મામા)

**જયેશભાઈ કંસારા - મો.:** 84259 18296, **અલ્પેશ ખાખી - મો.:** 97020 49588

**લગ્ન વિષયક પૂછપરછ આવકાર્ય**

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
લેન્ડ લાઈન : (૦૭૯) ૪૯૪૧ ૨૯૩૮
મો. : ૮૫૧૧૫ ૯૪૧૮૧



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

પરમ કૃપાળુ માતાજીની કૃપાથી આપ સર્વે ક્ષેમ કુશળ તેવી હું આશા રાખું છું.

તાજેતરમાં તા. ૦૫-૦૪-૨૦૨૬ ને રવિવારના રોજ સવારના ૧૦-૦૦ વાગે સમસ્ત કંસારા સમાજના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ - તેમજ ભગીની સંસ્થાઓ, જેવી કે ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, તેમજ મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટી બહેનશ્રીઓની એક સંયુક્ત મિટિંગ સમાજની ઓફિસમાં રાખવામાં આવી હતી. જેમાં દરેક સંસ્થાના કારોબારી સભ્ય મિત્રશ્રીઓ તથા ટ્રસ્ટી બહેનોએ તેમજ ટ્રસ્ટી મિત્રશ્રીઓ સંતોષ સંખ્યામાં હાજર રહ્યા હતા તેઓ સર્વે શ્રીઓનો તે બદલ હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું તે સાથે તેઓનો આભાર વ્યક્ત કરું છું.

આ મિટિંગમાં એજન્ડા મુજબની કાર્યવાહી મંત્રીશ્રી તરફથી શરૂ કરવામાં આવી હતી પરંતુ વધુ રસપ્રદ બાબતે એ હતી કે, મીટીંગના એજન્ડાના દરેક મુદ્દા ખૂબ જ શાંતિપૂર્ણ અને હાજર ટ્રસ્ટ મિત્રો/ કારોબારી સભ્યોએ ખૂબજ ઉત્સાહ અને રસ પૂર્વક ભાગ લઈ અને આ મીટીંગ શાંતિપૂર્ણ અને સફળ રીતે પૂરી કરવામાં સહકાર આપ્યો તે બદલ હાજર રહેલ તમામ ટ્રસ્ટ મિત્રશ્રીઓ અને ભગીની સંસ્થાના ટ્રસ્ટી ભાઈઓ અને ટ્રસ્ટી બહેનોનો પણ હું ખૂબ ખૂબ આભાર માનું છું.

વિશેષમાં સમાજની અનેક પ્રવૃત્તિઓ જે હાલ ગતિમાં છે. તે મુજબ દર ત્રણ વર્ષે આ સંસ્થા દ્વારા અપરણિત યુવક - યુવતીઓનો પરિચય મેળો યોજવામાં આવે છે  તે પ્રથા મુજબ ચાલુ વર્ષે ત્રણ વર્ષ પૂરા થતા હોઈ આ પરિચય મેળાનું આયોજન કરવાનો એ એજન્ડા મુજબનો પ્રસ્તાવ રજૂ થયેલ જેની તંદુરસ્ત ચર્ચા વિચારણા કરતા માહે ડિસેમ્બર - ૨૦૨૬ના અંતિમ વીકમાં અથવા તો માહે- જાન્યુઆરી - ૨૦૨૭ના પ્રથમ વિકમાં પરિચય મેળો યોજવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી અને તે અંગેનો વિગતવાર પ્રોગ્રામ હવે પછીના કંસારા ટાઈમ્સમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી આ કાર્યક્રમને દરેક રીતે સફળ બનાવવા માટે સમાજના ટ્રસ્ટી મિત્રોશ્રી - કારોબારી સભ્યશ્રીઓ અને ભગીની સંસ્થાના ટ્રસ્ટ મિત્રોએ સહયોગ આપવા અનુરોધ કરવામાં આવે છે.

સંસ્થાની બીજી પ્રવૃત્તિ ના ભાગરૂપે કંસારા જ્ઞાતિને ઓબીસીમાં સમાવવા માટેનો પ્રશ્ન ઘણા વર્ષથી પડતર છે તે અંગે તેમ જ ૨૦૨૩ માં આદરણીય વડાપ્રધાન શ્રી

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા પ્રસિદ્ધ થયેલી વિશ્વકર્મા યોજના ૨૦૨૩ ની યોજનામાં વિશ્વકર્માના અન્ય ચાર પુત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ કંસારા એ વિશ્વકર્મા ભગવાનનો પાંચમો પુત્ર હોવા છતાંય કંસારા જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવેલ નથી - પરંતુ કંસારા જ્ઞાતિ ને લુહાર જ્ઞાતિની કેટેગરીમાં સમાવેશ કરેલ હોવાથી કંસારા જ્ઞાતિને અલગ કેટેગરીમાં સમાવવા માટેનું એક આવેદનપત્ર ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખશ્રી જગદીશભાઈ વિશ્વકર્માને આપવા માટેનો કાર્યક્રમ તેઓશ્રીએ આપેલ એપાઈન્ટમેન્ટ મુજબ તારીખ ૨૩-૦૩-૨૦૨૬ ના રોજ ગાંધીનગરના ગુજરાત ભાજપના પ્રદેશ કાર્યાલયમાં સમાજના અગ્રગણ્ય હોદ્દેદારો તથા અન્ય ભગીની સંસ્થાના હોદ્દેદારશ્રીઓ ગાંધીનગર મુકામે ગયા હતા. પરંતુ ભાજપના ગુજરાત રાજ્યના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાહેબને, વિધાનસભાની અગત્યની કામગીરી હાજરી આપવી જરૂરી હોવાથી તેઓશ્રીએ આપેલ એપાઈન્ટમેન્ટ મુજબ તેઓશ્રી મળી શકે ન હોવાથી તેઓ વતી ગુજરાત પ્રદેશ ભાજપ પ્રદેશના પ્રદેશ સંગઠન મંત્રીશ્રી રત્નાકરજીને, તેમજ મંત્રીશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટને આ અંગેનું એક લેખિત આવેદન પત્ર કારીગરોના ફોટા સહિત તેમજ કંસારા જ્ઞાતિના ઉત્પતિ ના ઇતિહાસનું ‘‘કાલિકા પુરાણ’’ એ નામનું ધાર્મિક પુસ્તક તેમજ ‘‘૨૧મી સદીના ૨૧ પડકારો’’ એ નામનું પુસ્તક અર્પણ કરી તેઓશ્રીઓને (બન્ને ને) શાલ ઓઢાડીને અભિવાદન કરી ને કંસારા જ્ઞાતિને વિશ્વકર્મા યોજનામાં અલગ કેટેગરીમાં સમાવવા તેમજ ઓબીસીમાં સમાવવા માટે આવેદન પત્રથી રજૂઆત કરવામાં આવેલ છે.

આમ આ સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિમાં સંસ્થા કાર્યરત હોવા છતાં કેટલાક જૂજ માનનીય સભ્યશ્રીઓ દ્વારા મહેરબાન ચેરિટી કમિશનરશ્રી અથવા તો સરકારશ્રીમાં સંસ્થા વિરુદ્ધ અરજીઓ કરીને આ સંસ્થાના કાર્યકરોના માનસિક અને શારીરિક શક્તિઓનો વ્યય થાય અને સંસ્થાને આર્થિક નુકસાન થાય તેવી નકારાત્મક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. પરિણામે સંસ્થા વતી બચાવ માટે જે તે ઓથોરિટી સમક્ષ વકીલ રોકવાની ફરજ પડેલ છે અને તેથી સમાજને આર્થિક નુકસાન સહન કરવું પડે છે. જેથી આવા મિત્રશ્રીઓને નમ્ર વિનંતી છે કે, આ પ્રવૃત્તિ અટકાવી અને સમાજની વિકાસ અને ઉન્નતિના કાર્યોમાં સહકાર આપે એવી અપીલ કરું છું.

વિશેષમા પ્રસંગોપાત જણાવું છું કે આ સંસ્થાના મૂળ બંધારણમાં નવા હોદ્દેદારોની તથા જિલ્લા વાર સભ્ય સંખ્યા તેમજ ટ્રસ્ટીઓની જવાબદારી બાબતે કેટલીક જોગવાઈઓ તેમજ કેટલીક ત્રુટિઓ સુધારવી જરૂરી હોવાથી તે સુધારી સક્ષમ ઓથોરિટી પાસેથી આ અંગે જરૂરી આદેશો મેળવ્યા બાદ તે પછી જ નવા કારોબારી સભ્યો અને હોદ્દેદારોની ચૂંટણી કરવી શક્ય હોવાથી અગાઉ વાર્ષિક સામાન્ય સભામાં મંજુર થયા મુજબ સ્કીમની અરજી એટલે કે નવુ બંધારણ મંજુર કરવા માટેની એક અરજી મહેરબાન ચેરિટી કમિશનર સાહેબ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે જે આપ સૌ સર્વેને સુવિદિત છે હશે જ. તે અંગે સ્પષ્ટતા કરતા સર્વે ને જણાવવાનું કે, આપણી સંસ્થા તરફથી દાખલ કરેલી સ્કીમની અરજી બાબતે માર્ચ૨૦૨૬ થી તે અંગેની સુનાવણી શરૂ થયેલ છે. જે અંગે મહેરબાન ચેરિટી કમિશનરશ્રી અમદાવાદ તરફથી તેઓને યોગ્ય જણાય ત્યારે જાહેરાતનો મુસદ્દો પ્રસિદ્ધ કરશે અને ત્યારબાદ જે કંઈ વાંધા સૂચનો હશે તે સાંભળી અને સ્કીમની એટલે કે નવુ બંધારણ મંજૂર કરવાની અરજી અંગે યોગ્ય હુકમો કરશે, જેનો અમલ કરીને તેના ભાગ રૂપે આ સંસ્થાના નવા કારોબારી સભ્યો અને હોદ્દેદારોની વર્ણી કરવાની કાર્યવાહી થઈ શકે તેમ છે, અને કાર્યવાહી કરવા અમો પ્રયત્ન શીલ છીએ. આ દિશામાં જેટલી ઝડપથી બને એટલી ઝડપથી આ કાર્યવાહી પૂર્ણ થઈ શકે અને આ સમાજના નવા કારોબારી સભ્યો અને નવા હોદ્દેદારોની નિમણુંક થાય તે રીતે દરેક આજીવન સભ્યોએ સહકાર આપવા હું આ તબક્કે આપ સર્વે નેઅપીલ કરું છું

‘‘સૌનો સાથ સમાજનો વિકાસનો વિકાસ’’ એ હકારાત્મક સૂત્ર ધ્યાને રાખી આ બાબતમાં સહયોગ આપે એવી હું નમ્ર અપીલ કરું છું.

જ્ઞાતિના સર્વે વડીલો ભાઈઓ - બહેનો, યુવાન ભાઈઓ - બહેનોને મારા જય માતાજી, જય શ્રી કૃષ્ણ, જય શ્રી ગોપાલ, જય સ્વામિનારાયણ, જય મહારાજ

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા વિશ્વકર્મા યોજના તથા ઓ.બી.સી. ના પ્રશ્ન બાબતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહાનુભાવોનું અભિવાદન તેમજ આવેદન પત્ર એનાયત




સમસ્ત કંસારા સમાજ દ્વારા નવનિયુક્ત ગુજરાત ભારતીય જનતા પાર્ટીના માનનીય પ્રદેશ પ્રમુખ શ્રી જગદિશભાઈ વિશ્વકર્મા ની અગાઉ મેલ દ્વારા એપોઈન્ટમેન્ટ માંગેલી અને ગઈ ૨૩-૦૩-૨૦૨૬ ના રોજ બપોરના ૧ થી ૨ માં મુલાકાતનો સમય આપેલ પરંતુ ગુજરાત સરકારના અગત્યના વિધેયક (યુ.સી.સી.) સંદર્ભે દરેક ધારાસભ્યો ને વિધાનસભામાં હાજર રહેવાની વ્હીપ અપાતા તેમની જોડે મુલાકાત શક્ય બની ન હતી. પરંતુ ભા.જ.પ. ના માન. સંગઠન મંત્રી શ્રી રત્નાકરભાઈજી અને માન. પ્રદેશ મંત્રીશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટ સાથે સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી, પ્રતિનિધિ મંડળ તરીકે સમાજના પ્રમુખ શ્રી ચંદ્રકાંત કે. કંસારા - મંત્રીશ્રી મેહુલભાઈ એન.ખાખી - મેરેજ બ્યુરો કન્વીનર શ્રી હસમુખભાઈ એલ. ખાખી તેમજ ખજાનચી શ્રી મનીષભાઈ કંસારા તથા મહિલા વિકાસ કલ્યાણી ટ્રસ્ટના પૂર્વ પ્રમુખના જશુબેન કંસારા અને ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના મંત્રીશ્રી હરેશભાઈ કંસારા એ સંયુક્ત રીતે મુલાકાત કરેલ તેમજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત રાજયના પ્રદેશ સંગઠન મંત્રી શ્રી રત્નાકર ભાઈજી ને સમાજના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ કે. કંસારા તથા સમાજના અન્ય હાજર મહાનુભાવોના સંયુક્ત વરદ્ હસ્તે શાલ ઓઢાડી અને તેમજ કંસારા જ્ઞાતિની ઉત્પતિના ઈતિહાસનું ધર્મ પુસ્તક એટલે ''કાલિકા પુરાણ ગ્રંથ'' અર્પણ કરીને તેમજ પ્રદેશ મંત્રીશ્રી ડૉ. શ્રી પ્રશાંતભાઈને પણ સમાજના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ કે.કંસારા



શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ   પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.



તથા સમાજના અન્ય હાજર રહેલ મહાનુભાવોના સંયુક્ત વરદ હસ્તે શાલ ઓઢાડીને તેમજ "૨૧મી સદી ના ૨૧ પડકારો" નામનું પુસ્તક અર્પણ કરીને, તેઓ બંને મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું, તેમજ નીચેના સંદર્ભે પૂરાવા સાથે આવેદનપત્ર સુપ્રત કરેલ. તેમજ પી.એમ. વિશ્વકર્મા યોજના તેમજ ઓ.બી.સી. નાં ૨૯ રાજ્યોના કોમન લીસ્ટમાં તથા સુધારા લિસ્ટમાં તામ્રકાર, કાંસ્યકાર (ત્રાંબા, પિતળ ને કાંસા જેવી ધાતુઓ ને ગરમ કરી, હથોડાથી ઘડી જરૂરી આકાર આપવાનું કામ કરતા ઉત્પાદકોને) ને લોહારની સાથેની ભેગી કેટેગરીમાં (એકજ કેટેગરીમાં) બતાવેલ છે. પરંતુ વિશ્વકર્મા ના પાંચ પુત્રો પૈકી કંસારા / કાસ્યકાર પણ તે પૈકીના એક પુત્ર હોવાથી કંસારાને અલગ લુહાર કેટેગરીમાંથી અલગ કરી ઉલ્લેખ કરી તે મુજબ મૂળ જાહેરનામા માં સુધારો કરવા તેમજ કંસારાને ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં ત્યાની ભાષામાં ઓળખાતા કસેરા - ત્રાંબટ વિ.ની અલગ ઓળખથી ઓ.બી.સી. માં સમાવિષ્ટ કરેલ છે.ગુજરાતમાં શા માટે કંસારા જ્ઞાતિને અલગ ઓળખ આપેલ નથી ? પી.એમ. વિશ્વકર્મા યોજના તેમજ ઓ.બી.સી. તેમજ આર્થિક રીતે પછાત જ્ઞાતી કે અન્ય કોઈ પણ જ્ઞાતી આધારીત યોજનાઓમાં અન્ય રાજ્યોની માફક કંસારા જ્ઞાતિને અલગ ઓળખ આપવાની ભારપૂર્વક માંગણી કરેલ છે.

પ્રમુખ-મંત્રીશ્રી

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)




**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અને સમસ્ત મહિલા વિકાસ ટ્રસ્ટની સંયુક્ત મીટીંગ તારીખ ૫-૪-૨૬ ના રોજ સવારે ૧૦-૦૦ વાગે સમસ્ત કંસારા સમાજની ઓફિસે મળેલ. બહારગામથી ઘણા સભ્યોએ હાજરી આપેલ. મિટિંગમાં ચર્ચામાં સૌએ ભાગ લઈ અને સમાજના વિકાસ માટે તથા આગામી કાર્યક્રમોની ચર્ચા કરી અને સહયોગ પૂર્ણ રીતે સંપન્ન થયેલ.**

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૧૦૦૦/- | ચંદ્રવદન સી. કંસારા (અમદાવાદ) |
| રૂા. ૫૦૦૦/- | કંસારા ચેતનભાઈ રસિકલાલ (મુંબઈ) |
| રૂા. ૩૦૦૦/- | કરથીયા રાકેશભાઈ જયંતિલાલ (મોરબી) |
| રૂા. ૧૧૧૧/- | મેવચા મોહનલાલ આર. (અમદાવાદ) |
| રૂા. ૧૦૦૦/- | મુકુંદભાઈ જે. પરમાર (અમદાવાદ) |
| રૂા. ૧૦૦૦/- | હિતેશભાઈ કે. માવાણી (અમદાવાદ-રાજકોટ) |
| રૂા. ૧૦૦૦/- | માવાણી હેતલબેન હિતેશભાઈ (અમદાવાદ) |
| રૂા. ૧૦૦૦/- | ગોરખિયા કિશોરભાઈ મોહનલાલ (પોરબંદર) |

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# મેરેજ બ્યુરો સંક્ષીપ્ત

- અનંતભાઈ શેઠ : ૯૬૩૮૨ ૨૫૫૩૩
હસમુખભાઈ એલ. ખાખી : ૯૮૨૫૩ ૦૭૧૫૧
(કન્વીનર, મેરેજ બ્યુરો, સમસ્ત કંસારા સમાજ)

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના નેજા તળે કંસારા સમાજનાં જુદા જુદા ગોળ ઘટકોને પોતાની સાથે રાખી કંસારા સમાજની અનેક વિધ પ્રવૃત્તિઓ કરી કંસારા સમાજની સમરસતા ને એક સૂત્રતા કરી સમાજની આશરે ૨૫ વર્ષથી પણ વધુ સમયથી અડીખમ સેવા આપી રહીને કંસારા સમાજને એક તાંતણે બાંધી સંગઠીત કરી રહી છે. જે કોઈ નાની સૂની બાબત નથી.

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની અનેક વિધ પ્રવૃત્તિઓમાંની એક મહત્વની પ્રવૃત્તિ ‘‘મેરેજ બ્યુરો’’ છે. મેરેજ બ્યુરોની પ્રવૃત્તિથી સમસ્ત કંસારા સમાજનાં જુદા જુદા ગોળ ઘટકોના પુત્ર અને પુત્રીઓના સંબંધો બંધાય છે. જેથી દરેક કંસારા ગોળ ઘટકો નજીક આવે છે. અને પોતાને યોગ્ય જીવન સાથી મેળવવા માટેનો વિશાળ અવકાશ મળે છે. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની મેરેજ બ્યુરો પ્રવૃત્તીમાં કંસારા સમાજનાં સમગ્ર ગોળ-ઘટકોના દિકરા-દિકરીઓનો દર ત્રણ વર્ષ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) નામે ‘‘પરિચય મેળો’’ યોજવામાં આવે છે. અત્યાર સુધીમાં ૯ (નવમ્) પરિચય મેળાનું આયોજન ખૂબજ ઉત્સાહપૂર્વક સરસ રીતે અને દરેક પરિચય મેળામાં સુધારા વધારા સાથે ‘‘સમાજનાં સહકારથી પાર પાડેલ છે

સમસ્ત કંસારા સમાજ દ્વારા સં. ૨૦૧૫ થી ઓનલાઈન મેરેજ બ્યુરો પણ કાર્યરત છે. જેમાં આશરે ૫૨૫ થી વધુ કંસારા સમાજનાં સભ્યો નોંધાયેલ છે અને તેમાંથી ઘણા સભ્યોએ ઓનલાઈન પોતાની પસંદગીના પાત્રો સાથે સંબંધ બાધેલ છે.

સમસ્ત કંસારા મેરેજ બ્યુરો સંચાલીત મેરેજ બ્યુરોમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા માટે અવાર-નવાર કંસારા ટાઈમ્સમાં વિગત જણાવેલ છે.

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની કારોબારીની મીટીંગ તા. ૫-૪-૨૦૨૬ નાં રોજ હતી. જેમાં આપણા સમાજનાં યુવા-યુવતી પરિચય મેળાનું જે રીતે દર ત્રણ વર્ષે આયોજન કરવાનું હોય છે તે માટે ચર્ચા કરવામાં આવી. છેલ્લો ૯ નવમ્ પરિચય મેળો તા. ૭-૭-૨૦૨૪ માં યોજાયેલ હોય અને ત્રણ વર્ષ પુર્ણ થતા હોય. દસમાં યુવા-યુવતી પરિચય મેળાનું આ વર્ષે આયોજન કરવાનું હોય આ વર્ષ ૨૦૨૬ ડીસેમ્બર ના છેલ્લા પખવાડીયા અથવા તો ૨૦૨૭ ના જાન્યુઆરી માસના પ્રથમ પખવાડીયમાં ૧૦ મો યુવા-યુવતી પરિચય મેળો યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. તારીખ સમય તેમજ સ્થળ નક્કી થયેથી જાણ કરવામાં આવશે.

આપણા સમાજના દિકરા-દિકરીઓ ઉપરોક્ત યોજાવામાં આવતા ૧૦ માં પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છતા હોય. તેઓ સર્વે- ઉમેદવારો ઓનલાઈન મેરેજ બ્યુરોમાં ફોર્મ ભરી શકે છે. તેમજ મેરેજ બ્યુરોમાં પરિચય મેળાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જેથી પોતાની પસંદગીના પાત્રને જીવન સાથી બનાવવા તેમજ પ્રાથમીક વાતચીત કરવા આગળ વધી સકે છે અને જેની ફાઈનલ વાતચીત પરિચય મેળામાં રૂબરૂ મુલાકાત દ્વારા કરી શકે છે.

૧૦ માં પરિચય મેળામાં ભાગ લેવા માટે દરેક યુવા-યુવતીઓએ ઉમેદવારી ફાર્મ ભરવું જરૂરી છે. જે ફોર્મ ઓન લાઈન ભરવાનું રહેશે. જે સભ્યોએ અગાઉ ફોર્મ ભરેલ છે તેઓએ પણ આ ફોર્મ ભરવું જરૂરી છે. કારણ ‘‘મેરેજ બ્યુરો’’ કંસારા સમાજ નવી સાઈટ બનાવવામાં આવેલ છે. જે અંગે હવે પછી વિગતવાર જાણ કરવામાં આવશે.

### સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરો

સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરોમાં ઉમેદવારોએ ફોર્મ ભરીને બે ફોટા સાથે રૂા. ૫૦૧/-નો ચેક ‘‘સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)’’ ના નામનો લખીને સમાજની ઓફીસ પર મોકલી આપવો. અથવા સમાજના ઉપરોક્ત નામના બેંક એકાઉન્ટ નંબર ૧૦૫૪૨૯૦૫૫૦૦ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એસ.પી.પી.બી.બી. બ્રાંચ, અમદાવાદ IFS Code : SBIN0060129 માં ભરીને અથવા SBI ની કોઈપણ શાખામાં ભરીને વોટસએપ નંબર ૯૩૭૪૬૪૫૬૬૯ (ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારા) અને નંબર ૯૮૨૫૩૦૭૧૫૧ (મેરેજ બ્યુરો શ્રી હસમુખભાઈ ખાખી)ને અચુક જાણ કરવી.

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.



**વઢવાણના કંસારા જ્ઞાતિના સેવાભાવી કાર્યકર શ્રી અમિતભાઈ કંસારા એ ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ વાનપ્રસ્થ દીક્ષા**

આપણી કંસારા જ્ઞાતિના સેવાભાવી અને સામાજિક કામમાં અગ્રણી એવા વઢવાણના **અમીતભાઈ કંસારા**એ ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ વાનપ્રસ્થ દીક્ષા લીધી છે.

શ્રી સૌરાષ્ટ્ર નિમ્બાર્ક ધામ, મોટા મંદિરના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર લલિતકિશોરશરણ બાપુ (આપણા લાલદાસબાપુ) ના ગુરુપદે નિમ્બાર્ક પરંપરા મુજબ દીક્ષા ગ્રહણ કરી છે.

આ પહેલા વડોદરા પાસેમાં નર્મદાના પાવન કિનારે આવેલા માલસરમા પ.પૂ. કનકેશ્વરી દેવીના આશ્રમમાં એમના પિતૃઓના ઋણમાંથી મુક્ત થવા, પિતૃ મોક્ષાર્થે "ભાગવત સપ્તાહ"નું સુંદર આયોજન કરવામાં આવ્યું.. જેમાં એમના કુટુંબીજનો, સ્નેહીજનો, સગા-સંબંધીઓ, મિત્રોની ઉપસ્થિત રહ્યા હતા, સાથે ચુંદડી મનોરથનુ પણ આયોજન કરવામાં આવ્યું.

અમિતભાઈ કંસારાએ એમના જેવાજ સેવાભાવી મિત્રો બનેસંગભાઈ ગઢવી, પત્રકાર દશરથભાઈ અશ્વાર, ડૉ. અશ્વિનભાઈ ગઢવી અને નામી અનામી અનેક સામાજિક આગેવાનો સાથે મળી શ્રી વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટના નેજા નીચે અનેક કાર્યો કર્યા.

એમાં મુખ્યત્વે વઢવાણનું મુક્તિધામ (સ્મશાન)નું નવીનીકરણ, કવિવર દલપતરામના નામે સેવાભાવી, સામાજિકને અગ્રણી નાગરિકોનું સન્માન કરવાનુ અભિનંદનિય કાર્ય કર્યું છે.

ઉપરાંત તહેવાર ઉપર ગરીબોને મિઠાઈ વિતરણ, મેડિકલ કેમ્પ, ઉકાળો વિતરણ જેવા સામાજિક ને ધાર્મિક કાર્યો પણ કર્યા છે.

જે તે સમયે કંસારા જ્ઞાતિ માટે પણ એમણે યથોચિત કાર્ય કર્યા છે, ઈનામ વિતરણ, વડીલોના સન્માન, ધાર્મિકને સામાજિક કામમાં અગ્રેસર બની કાર્ય કર્યું છે, આજે એમનો આ નિર્ણય આપણી જ્ઞાતિના ગૌરવ સમાન છે.

આજે જ્યારે એ વાનપ્રસ્થાશ્રમમાં વિચરણ કરવા જઈ રહ્યા છે ત્યારે એમની સેવાઓનુ સ્મરણ કરતાં હું આનંદ અનુભવું છું, ભગવાન ચત્રભુજ નારાયણ એમની બધી મનોકામનાઓ પૂર્ણ કરે અને એમનુ આ વાનપ્રસ્થ જીવન ઈશ્વર ભજન સત્સંગ ને સેવામાં પસાર થાય એવી ભાવના ભાવુ છું.

(કિરણ ખાખી લીંબડી - તા. ૫-૪-૨૦૨૬, રવિવાર)

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ

ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા આગામી વિદ્યાર્થી સત્કાર મસારંભ સપ્ટેમ્બર ૨૦૨૬ માં અમદાવાદ ખાતે યોજાનાર છે.

વિસ્તૃત માહિતી આગામી સમયમાં જાહેર કરવામાં આવશે.

## શુભેચ્છા ભેટ

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) ના પાયાના કાર્યકર તથા ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પૂર્વ મંત્રી શ્રી ચંદ્રવદન ચંદુલાલ કંસારા, મણીનગર, અમદાવાદ (મુળ વતન-નડીયાદ). તેઓ સમાજની અપીલને ધ્યાનમાં લઈને નીચે મુજબ અનુદાન અર્પણ કરેલ છે.**

| | |
|---|---|
| **રૂા. ૧૧,૦૦૦/-** | **કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ C/o. સમસ્ત કંસારા સમાજ (ગુ.)** |
| **રૂા. ૧૧,૦૦૦/-** | **શુભેચ્છા ભેટ ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ** |
| **રૂા. ૫,૦૦૦/-** | **શુભેચ્છા ભેટ સમસ્ત મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટ** |

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અને ભગીની સંસ્થાઓ તેઓનો આભાર વ્યક્ત કરે છે.**

## નવા આજીવન સભ્યોની યાદી

૧ માવાણી હેતલબેન હિતેશભાઈ (અમદાવાદ)

# જૂનાગઢ પ્રગતિ મંડળ દ્વારા "રંગોત્સવ ૨૦૨૬" ઉજવાયો



ગીતાજીના વિભૂતિ યોગમાં શ્રી કૃષ્ણે કહ્યું છે - ‘‘ઋતુનામ્ કુસુમાકર’’ (ઋતુઓમાં વસંત હું છું) આવી વસંત ઋતુમાં શિરમોર એટલે હોળી - સત્યનો અસત્ય પર વિજય.. અને પછી આવે ધૂળેટીનો રંગોત્સવ.. આનંદના અબીલ અને ગમતાનો ગુલાલ..

દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગોત્સવનું મહાપર્વ ‘‘શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળ, જૂનાગઢ’’ સંસ્થા દ્વારા પ્રમુખ શ્રી ડૉ. શૈલેશભાઈ બારમેડાના નિવાસ સ્થાને વિશાળ પરિસરમાં યોજવામાં આવ્યું હતુ. આ પ્રસંગે તમામ જ્ઞાતિજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

સવારે દસ વાગ્યે ઉત્સવ આરંભ થયો હતો. અબીલ - ગુલાલ.. રંગોની બોછાર.. રાસની રમઝટ.. અને સાથે પરંપરાગત સંગીત.. ખૂબ જ આનંદના માહોલમાં બે કલાક સુધી રંગોત્સવ માણી સૌએ ધાણી - દાળિયા - ખજૂર અને સમયાંતરે લીંબુ સરબતની મોજ માણી હતી.

આ આનંદ અવસરે વડીલો, યુવક - યુવતીઓ અને બાળકો.. પધારેલ સર્વ ઉત્સવપ્રેમી જ્ઞાતિજનો અને મહેમાનોએ જબરદસ્ત જલસો કર્યો હતો. ઉપસ્થિત સૌએ પ્રમુખશ્રી તથા મંડળનો પ્રશંસા સાથે આભાર ભાવ પ્રગટ કર્યો હતો.

શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળ દ્વારા થતા રચનાત્મક કલ્યાણકારી કાર્યક્રમોની શૃંખલામાં ધૂળેટીનો રંગોત્સવ જાણે યશ કલગી રૂપ યાદગાર કાર્યક્રમ બની રહ્યો હતો. સૌએ રંગે ચંગે ઉમંગે રંગોત્સવ ઊજવ્યો હતો.

## શોક સંદેશો



ડભોઈ નિવાસી સ્વ. ભુપેન્દ્રભાઈ હીરાલાલ કંસારા કે જેઓશ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા કારોબારી સભ્ય પણ હતા. તેમજ ડભોઈ જ્ઞાતિ પંચ ટ્રસ્ટ અને પ્રમુખ હતા તેમજ ડભોઈની સ્થાનિક સંસ્થાઓમાં પણ અગ્રણી હતા. તેઓશ્રી એક સ્પષ્ટ અને સત્ય વક્તા કાર્યકર અને સેવાભાવી વ્યક્તિ હતા. તેઓના અવસાનથી સમાજે એક સેવા ભાવિ- સ્પષ્ટ વક્તા અને કર્મસ્થ કાર્યકર ગુમાવ્યો છે.

પ્રભુ ને ગમ્યું તે ખરું. તેઓની ઈચ્છા આગળ માનવીનું કઈ ચાલે તેમ નથી. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ આપે અને સ્વર્ગમાં સ્થાન આપે તેવી પ્રભુને હૃદય પૂર્વક પ્રાર્થના. તેઓશ્રીના અવસાનને કારણે તેના પરિવાર પર આવેલી આપત્તિ પરિવારના સભ્યોને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના

આપના વિશ્વાસુ - પ્રમુખશ્રી, તંત્રીશ્રી, કારોબારી હોદ્દેદારોશ્રી
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ

## સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ

### કાર્યાલયના ફોન નંબરો

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદના કાર્યાલય / ઓફિસના ફોન નંબરો કાર્યરત છે, તે નીચેની વિગતે છે :-**

**લેન્ડ લાઈનઃ(079) 49412938**

**મોબાઈલ નંબર 85115 94181**

**ઉપરોક્ત બંને નંબરો પર બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી જ્ઞાતિજનો સંપર્ક કરી શકશો.**

**નોંધ : કાર્યાલયનો જુનો લેન્ડ લાઈન નંબર (079) 26574070 કેન્સલ કરાવેલ છે, જેથી આ નંબર પર સંપર્ક થઈ શકશે નહિ, જે નોંધ લેશો. - ઓફિસ ઈન્ચાર્જ**

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

# "યુધ્ધ"

ચીનુભાઈ એલ. દંગી - વઢવાણસીટી
મો.નં. ૯૯૨૫૬ ૪૨૮૧૦

હાલમાં ઈરાન્ડ વિરૂધ્ધ ઈઝરાયેલ – અમેરીકા, રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ ચાલુ છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન ઘણા નાના પાયા પર યુધ્ધ ગણાય તેવી સ્થિતી છે. પરંતુ, ભારતના ૯૦% લોકોને યુધ્ધની ભયંકરતાનો ખ્યાલ જ નથી. મહાભારતના યુધ્ધમાં કૌરવોની વર્તમાન પેઢી અને પાંડવોની ભવિષ્યની પેઢી ખલાસ થઈ ગઈ હતી. આ લેખમાં ફકત મુખ્ય મુદા લખી શકાય તેમ છે. આમ તો પુસ્તકો લખાય તેમ છે. સંસ્કૃતમાં ઉકિત છે કે ''યુધ્ધસ્ય કથા રમ્યા''. નેપોલીયનના યુધ્ધો, જુના સમયમાં કલીંગનું યુધ્ધ, સીકદરના યુધ્ધો, ચંગેઝખાનના યુધ્ધો આ બધા યુધ્ધો સામે ભારત – ચીન, ભારત – પાકિસ્તાન, ભારત – ગોવાના યુધ્ધો માત્ર છમકલા જ ગણાય. આપણે પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધના મુદાઓ જોઈએ.

કોઈ પણ યુધ્ધ થવાના મુખ્ય કારણો નીચે મુજબ હોય છે.

(૧) વેપારની હરીફાઈ અને શસ્ત્રો વેચવાની હરીફાઈ.

(૨) સામ્રાજયવાદ, પોતાનું રાજય વધારવું.

(૩) પોતાનો ધર્મનો ફેલાવો સરમુખત્યારશાહી, મુડીવાદ, સામ્યવાદ, વગેરેનો ફેલાવો કરવા માટે પણ યુધ્ધો થતા હોય છે.

**''પ્રથમ વિશ્વ યુધ્ધ સમય : ૧૯૧૪ થી ૧૯૨૦''**

યુધ્ધ શરૂ કરનાર જર્મની, યુધ્ધનુ તાત્કાલીક કારણ ઓસ્ટ્રીયાના રાજકુમાર ફર્નાન્ડોનું ખુન સાયબીરીયામાં થયું. જર્મનોને લડવાનું બહાનું જોઈતું જ હતુ તે મળી ગયું.

જર્મનીનો મુખ્ય નેતા વિલીયમ કાઈઝર અમેરીકાના મુખ્ય નેતા પ્રમુખ વિલ્સન, જર્મન પક્ષે બે – ત્રણ રાષ્ટ્રો જ હતા જેમાં જાપાન, તુર્કી, ઈટાલી. ઈંગ્લેન્ડ પક્ષે અમેરીકા અને બીજા યુરોપના દેશો ફ્રાંસ, ઓસ્ટ્રીયા, પોલેન્ડ, ગ્રીસ, જેકોસોવેકીયા વગેરે ભારત અને ચીન પણ ખરા.

જર્મનીએ યુધ્ધ જાહેર કર્યુ અને યુરોપના તમામ દેશોમાં યુવાનોની ફરજિયાત લશ્કરી ભરતી શરૂ થઈ. યુધ્ધ પાંચ વર્ષ ચાલ્યુ. લગભગ દોઢ કરોડ માણસો મરાયા, લાખો સ્ત્રીઓ વિધવા થઈ, લાકો બાળકો અનાથ થયા. ૧૯૨૦ માં જ યુધ્ધમાં ટેંકો, બખ્તરીયા ગાડી, વિમાનો, તોપો, મશીનગનો, બંદૂકો, નૌકાદળ નો મુખ્ય ઉપયોગ થયો.

આખરે જર્મની હારી ગયું અને કૈઝર ભાગી ગયો. ફરી આ રીતે યુધ્ધ ન થાય તે માટે જર્મની ઉપર ૩૩ અબજ ડોલરનો દંડ ૧૯૨૦ માં નાખવામાં આવ્યો. જર્મન કારખાના, ખાણો, ઓઈલના ક્ષેત્રો, બંદરો, રેલ્વે વગેરેનો કબજો ઈંગ્લેન્ડ પક્ષે લીધો. ફરી આવું યુધ્ધ ન થાય તે માટે લીગ ઓફ નેશન્સની સ્થાપના કરવામાં આવી. (હાલના UNO જેવી સંસ્થા)

ઈંગ્લેન્ડના સૈનિકની એક ગોળીથી હિટલર જર્મન પક્ષમાં તે નાનો અમલદાર જ હતો પરંતુ ખુબ જ દેશભકત હતો તે ઘાયલ જ થયો (પાછળથી ૧૯૩૯ માં બીજુ વિશ્વયુધ્ધ તેણે જ શરૂ કર્યુ).

યુધ્ધના કારણે ૧૯૨૯ માં દુનિયામાં મહામંદી શરૂ થઈ તે એટલી ભયંકર હતી કે થેલો ભરીને નોટો લઈને જાવ ત્યારે શાક આવે, હોટલમાં ચા પીવા જાવ તો બહાર નીકળો એટલી વારમાં ચા ના ભાવ વધી ગયા હોય, અર્થતંત્ર તુટી ગયું, રદી પસ્તી છાપાની પસ્તીની કિંમત જેટલી વજનની નોટો લઈને જાવ તો પસ્તીની કિંમત નોટોની કિંમત કરતા વધી જાય. લખનાર આ ભયંકર મંદીનું વર્ણન કરી શકે તેમ નથી.

પહેલા વિશ્વયુધ્ધમાં યહુદી પ્રજાએ જર્મન પ્રજાને ખુબ જ લુટી હતી. વ્યાજથી ગીરો મિલકત પડાવી લઈને અબજો રૂપિયા સ્વીસબેંકમાં ખાનગીમાં મુકેલા. ૧૯૩૯માં બીજુ વિશ્વયુધ્ધ શરૂ થયું. મુખ્યત્વે પહેલા યુધ્ધનો બદલો લેવા જ શરૂ કર્યુ. પરંતુ આ યુધ્ધ ''માનવ જાતિની મુકિત માટે શરૂ કરાય છું'' તેવુ બહાનું હિટલરે બતાવ્યું. કારણ કે તે સમયે આખી દુનિયાની પ્રજા બ્રિટનની ગુલામ હતી. તેના રાજયમાં સુરજ કોઈ દિવસ આથમતો નહી તેમ કહેવાતું. ભારત પણ ગુલામ હતું. પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધ વચ્ચે ફકત ૨૦ વર્ષનો જ ગાળો હતો.

યુધ્ધ શરૂ થતા પહેલા જર્મનીમાં રાષ્ટ્રભકતોની ટોળી ઉભી થઈ જેમાં મુખ્યત્વે હિટલર, ગોરીંગ, ગોબેલ્સ, બોરમાન, આઈકમેન, હિમલર અને ખુબ જ હોશિયાર સેનાપતિ રોમેલ હતો. પ્રથમ તો હિટલરે યહુદી પ્રજાનો નાશ કરવાનો પ્લાન કર્યો. હિટલર માનતો હતો કે પ્રથમ યુધ્ધમાં યહુદીઓએ જર્મનીને લુટયું છે. સ્વીસબેંકમાં અબજો રૂપિયા ભેગા કર્યા છે. ઉપરાંત હિટલર એમ પણ માનતો કે યહૂદી પ્રજા આર્ય પ્રજા કરતા ઉચ્ચ કક્ષાની છે. યહુદીઓ પૈસા માટે દેશદોહ કરે છે વિગેરે. યહુદીઓને તે વખતે પોતાનો કોઈ દેશ ન હતો,(હાલ ઈઝરાયેલ છે.) યહુદીઓનો નાશ કરવા માટે તેણે વિજળીથી ચાલતા સ્મશાનો તૈયાર કરાવ્યા, ભયંકર ગેસ ચેમ્બરો ઉભી કરાવી અને ખાસ સ્કર્વોડ આઈકમેનની

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

સરદારી નીચે ઉભી કરી અને સામુહિક કત્લ કરી જેમાં લગભગ ૬૦ લાખ યહુદીઓ માર્યા ગયા અથવા તો ઘરદીઠ એકાદ જણનું મોત થયું, સ્ત્રીઓની ઈજ્જત લુટાણી, સ્વીસબેંકમાંથી થાપણો લુટાણી, માર્યા પહેલા યહુદીઓના સોનાના દાંત પણ કાઢી લેવાતા.

બીજુ પગલુ હીટલરે જર્મનીને મંદીમાંથી બહાર કાઢી બળવાન રાષ્ટ્ર બનાવ્યુ, ઘર દીઠ ફરજીયાત લશ્કરી ભરતી શરૂ કરી. આ ઘણી મોટી આર્થીક અને લશ્કરી સિધ્ધી હતી. દુનિયાના સૌથી નબળા રાષ્ટ્રને ખુબ જ બળવાન બનાવ્યું અથવા તો કહો કે હિટલર રાવણ જેવો હતો. ૭ કરોડની વસ્તીમાંથી ૭૦ લાખનું લશ્કરે બનાવ્યું. આજે આપણી વસ્તી ૧૪૫ કરોડ છે તો પણ ૨૫ લાખનું લશ્કર છે.

હિટલરે નાઝી પક્ષ ઉભો કર્યો, હિટલરે પોલેન્ડ અને ઝેકોસ્લોવેકીયા પર આક્રમણ કર્યુ, દુનિયાના ૧૨ દેશો કબજે કર્યા. ઈટાલીમા મુસોલીની, જાપાનમાં હીરોહીતીની સરકાર હતી. તે મધ્યસ્થ સરકાર કહેવાર્ણી. ઈંગ્લેન્ડ પક્ષે યુરોપના બધા રાષ્ટ્રો હતા. યુરોપમા પાછળથી રશિયા અને અમેરીકા પણ જોડાયા જે મિત્ર રાષ્ટ્રો કહેવાતા. આપણા સુભાષબાબુ જાપાન તરફી હતા. આ યુધ્ધ ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી ચાલ્યુ. વિમાનો, સબમરીનો, ટેંકો, તોપો, ડીસ્ટોયરો, છત્રીદળ, બકતરીયા ગાડી, સુરંગો વગેરેનો ઉપયોગ થયો. હિટલર વર્સેલ્સની સંધી ફાડીને ફેંકી દીધી. ઈટાલીએ એબીસીનીયા, જાપાને મન્ચુરીયા અને ચીન પણ આક્રમણ કર્યા, કમાલપાસા તુર્કીનો નેતા હતો.

દેશભકત જાપાનીઓએ કામીકાઝીના પાયલોટો તૈયાર કર્યા, જે વિમાનમાંથી દુશ્મનની સ્ટીમરોમાં પેટે બોમ્બ બાંધી કુદી પડતા અને સ્ટીમરોનો નાશ કરતા. આવા બલિદાન આપવા જાપાનમાં દેશભકતોની લાઈન લાગતી.

ઈંગ્લેન્ડમાં ચર્ચીલ, અમેરીકામાં રૂઝવેલ્ટ, રશિયામાં સ્ટેલી ફ્રાંસમાં દગોલ હતા, જાપાનમાં હીરોહીતો, ઈટાલીમાં મુસોલીની હતા.

ફ્રાન્સમાં મેજીનોટ લાઈન કરીને કિલ્લેબંધી ખુબ જ મજબુત હતી. દુનિયાનો કોઈ પણ દેશ તે તોડી શકે તેમ ન હતો, હિટલરે અઠવાડીયામાં તોડી નાખી. આટલાન્ટીક મહાસાગરમાં દુશ્મન સ્ટીમરોને રોકવા દસ હજાર કિલોમીટર તારની વાડ હિટલરે કરી હતી. (આટલાન્ટીક વોલ).

બ્રિટનને જર્મન વચ્ચે મોટુ આકાશી યુધ્ધ થયું જે બેટલ ઓફ બ્રિટન નામે પ્રખ્યાત થયું જેમાં ૪૦૦૦ વિમાનોએ ભાગ લીધો અને ૨૦૦૦ જેટલા બન્ને પક્ષના વિમાનો નાશ પામ્યા. લંડન વગેરે શહેરો ભાંગીને ભુક્કો થયા.

ડંકર્કમાં બ્રિટનના ત્રણ લાખ સૈનિકો ઘેરાઈ ગયા હતા જે માંડ જીવતા પાછા આવતા બ્રિટનમાં ઉત્સવ ઉજવાયો.

આખરે રશિયા સાથેની સંધિનો ભંગ કરી હિટલરે લેનીનગ્રાંડ અને મોસ્કો મેળવવા વીસ લાખનું લશ્કર મોકલેલ. રશિયા પરનું આક્રમણ એ નેપોલીયનની અને હિટલરની બન્નેની ભુલ હતી.

આખરે જાપાનને શરણે લાવવા અમેરીકાએ હીરોસીમા અને નાગાશાકીમાં પ્રથમ બે બોમ્બ ફેંકયા. જાપાન અને જર્મની હારી ગયા, હિટલરે આત્મહત્યા કરી. પાંતઝર ટેન્કો, બ્લીટઝ ક્રીમ સીસ્ટમ લુટવાકનુ હવાઈદળ, ગેસ્ટાપો વિગેરે ચર્ચીલ અને રૂઝવેલ પાસે નકામા થયા. આઈઝન હોવર ને સુપ્રીમ કમાંડર ઓફ એલાઈટ ફોર્સીસના વડા બનાવાયા. પછી અમેરિકાના પ્રમુખ થયા)

અમેરીકા પૈસાદાર થયું. પર્લ હાર્બરના હુમલા પછી અમેરીકા યુધ્ધમાં જોડાયુ. યુ.એન.ઓ.ની સ્થાપના થઈ.

સૌથી કરૂણ બાબત તો એ હતી કે ૧૯૧૪ ના યુધ્ધમાં અને ૧૯૩૯ ના યુધ્ધમાં યુરોપના યુવાનો ફરજિયાત લશ્કરી ભરતીમાં ખપી ગયા. દરેક કુટુંબે પોતાનો બીજો જુવાન પુત્ર ગુમાવ્યો. તેથી જ મેકનમારા એ કહયુ હતુ કે ''યુધ્ધમાં વૃધ્ધ યુવાનોને અગ્નિદાહ આપે છે, અને શાંતિના સમયમાં યુવાનોને વૃધ્ધોઅગ્નિદાહ આપે છે.''

કુલ પાંચ કરોડ લોકો મરાયા, અમેરીકા ૧૯૪૫ માં, અમેરીકાની ભૂમિ પર યુધ્ધ નહોતુ લડાયુ તેણે હથિયારો વહેંચે રાખ્યા. તેથી તે આજે પૈસાદાર અને બળવાન રાષ્ટ્ર છે.

યુરોપમાં વિધવાઓ અને અનાથો કરોડોની સંખ્યામાં ઉભા થયા, ઈઝરાયલ નામનું નવું રાષ્ટ્ર થયું. મિત્ર રાષ્ટ્રોના વળતા હુમલામાં ૨૫ લાખનું લશ્કર ફ્રાંસ તરફ કુચ કરી ગયુ (ફ્રાન્સને છોડાવવા). આઈઝન હોવરની સરદારી નીચે પચાસ હજાર ખટારા અને પચાસ હજાર રસોયા સાથે ગયા, જેને ઓપરેશન ઓવરલોડ કહેવાય છે.

યહુદી વૈજ્ઞાનિકો ઓપન હાઈમર અને આઈસ્ટાઈને અણુ બોમ્બ બનાવેલ. આઈસ્ટાઈન યહુદી હતો. બન્ને ગીતાના અભ્યાસુ હતા. આ ઉપરથી ખ્યાલ આવશે કે બુધ્ધ, મહાવીર, ઈસુ કેટલા બધા સાચા હતા. ભારતમાં વીરતાની અને સંપની ખામી હતી. તેથી કૃષ્ણ અને રામે અવતાર લીધો હશે. યુરોપમાં શાંતિની જ જરૂર હતી તેથી ઈસુ થયા હશે.

